# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

સૂની પડી છે સરહદો, દત્તક કોણ લેશે?
લાખો બેઘર ગરીબોને, દત્તક કોણ લેશે?
તરસ્યાં પીએ છે અંધારાં, દત્તક કોણ લેશે?
સાચવો મતક્ષેત્ર, દેશને દત્તક કોણ લેશે?

## હાઇકુ

હમ તો ચલે,
અબ તુમ્હારે હવાલે,
- દેશ, વાસીઓ..
(ઇટાલી તરફ પ્રયાણ?!)

છે ઉઘરાણું!
આ શિક્ષણ ફી છે કે -
ખૂલ્લી ખંડણી?!
(શિક્ષણ વેપાર કેન્દ્ર)

## ચિંતન

મિત્ર દ્રુહઃ કૃતઘ્નસ્ય સ્ત્રીઘ્નસ્ય પિશનસ્ય ચ ।
ચતુર્ણા મપિ ચૈતેષાં નિસ્કૃતિર્નૈવ વિશ્રુતા ॥

મિત્રનો દ્રોહ કરનાર-વિશ્વાસઘાતી, ઉપકારને બદલે અપકાર કરનાર-કૃતઘ્ની, સ્ત્રીની હત્યા કરનારો, નિંદાખોર-ચાડીચૂગલી કરનારો -

આ ચાર લોકો એવા પાપી છે કે જેનું પ્રાયશ્ચિત-પશ્ચાતાપ (નિર્વાણ-નિષ્કૃતિ) શાસ્ત્રમાં પણ બતાવ્યાં નથી - અર્થાત એવાં પાપ કરનારને કદી મુક્તિ મળતી નથી.

મૈત્રી નિખાલસ અને નિર્દોષ - કોઇ જ અપેક્ષા વિનાની - નિઃસ્વાર્થ હોવી જોઇએ - મૈત્રીનો મજબૂત પાયો વિશ્વાસ પર આધારિત છે, વિશ્વાસઘાત એ મૈત્રીનું મોટું પાપ છે.

કોઇએ આપણું થોડું પણ હિત, ભલું કર્યું તો કદી ભૂલવું નહીં - ભૂલી જનાર કૃતઘ્ની કહેવાય એ પણ મોટું પાપ છે.

ચાડીચૂગલી-નિંદાખોરી પણ પાપ છે - અને સ્ત્રી હત્યા પણ મહાપાપ છે.

આ ચાર પાપોની મુક્તિ શાસ્ત્રોમાં પણ દર્શાવી નથી.

## સુવિચાર

- પરસેવાને પ્રબળ રસાયણ થઇ રેલાવું પડશે... ભલે ભાગ્ય રેખા છે વજસમી, તેણે પણ ભુંસાવું પડશે - અમૃતબિંદુ
- મને શ્રદ્ધા ભલે ન હોય કે ઇશ્વર બધાનો હોય... પણ હું દુઆ તો એવી કરૂં છું કે જાણે એ મારા એકલાનો જ હોય - એસ. ભટ્ટાચાર્ય
- પ્રશંસા ચ્યુઇંગમની જેવી હોય છે... એને ચગળાવવી જાણો પણ તેને પેટમાં ઉતારવાની ભૂલ ન કરશો - ડો. ચંદ્રકાન્ત બક્ષી
- જીવ લેનાર તીર બનવા કરતાં જીવ બચાવનાર તરાપો બનવું સારૂં - રમણ મહર્ષિ
- જે ગઇકાલ માટે રડતો નથી, ને આવતીકાલથી ડરતો નથી, એ જીંદગીમાં પાછો કદી પડતો નથી... - જીવનસૂત્ર
- બાળકોની આંખ વાંચે કડકટાડ... માં ભલે ચાર જ ચોપડી ભણેલી હોય- અખંડ આનંદ
- કોઇના અવગુણો ને તું બેનકાબ ન કર... ઇશ્વર બેઠો છે તું હિસાબ ન કર - ભગવતીકુમાર શર્મા

- (સંકલન : દીપક વી. આસરા)

## બોધ કથા

હાલમાં ગુજરાતનાં બૌદ્ધિક નવનીતનો પ્રવાહ દિલ્હી તરફ પ્રયાણ કરી રહ્યો છે જુદા જુદા વિષયો પારંગત આઇએએસ અધિકારીઓની દિલ્હી દરબારમાં જરૂર ઊભી થઇ છે.

રાજા બીનવારસ મૃત્યુ પામે પછી હાથણી ફૂલનો હાર લઇ નીકળે અને જેને એ હાર પહેરાવે તેને રાજા બનાવવામાં આવે. હાથણીએ, માથાં પર લાકડાંનો ભારો લઇને જતો કઠિયારાને હાર પહેરાવ્યો.

કઠિયારો રાજા થઇ ગયો. જવાબદારી આવે અને સત્તાની ખૂરશી મળે પછી ખૂરશીની અસરથી પણ અર્ધી બુદ્ધિ આવી જાય...

રાજા રાજ-દરબારમાં હતા. નિર્ણયો લેવાઇ ગયા. દરબાર પૂરો થયો. રાજાએ સિંહાસન પરથી ઊભા થવા મુખ્ય દિવાનને નજીક બોલાવ્યા અને એના ખભાનો ટેકો લઇને ઊભા થયા...

પ્રધાને તરત પૂછ્યું - રાજાજી! કાલ સુધી તો તમે આ ખભા પર લાકડાનો ભારો ઉંચકતા હતા અને આજે મારા ખભાનો ટેકો કેમ લેવો પડે છે?

રાજાએ હસીને કહ્યું, 'દિવાનજી લાકડાંનો બોજ તો હું આજે પણ ઊંચકી શકું પણ આ રાજનો કાર-ભાર ઉંચકવા માટે મને તમારા ખભાની જરૂર પડે..'

દિવાન રાજાનો સંકેત પામી ગયો અને રાજાની બુદ્ધિને પણ પામી ગયો.

Email - sureshchandrabhatt18@gmail.com

# દેશની તાકાત હરી લેતા પાશવી બળો સામે યુવાનો એક ડણક દઈને ઊભા થાય તો દેશની સમસ્યા માત્ર પાંચ જ વર્ષમાં હલ થઈ જાય અને હિન્દુસ્તાનને ફરી પાછો સ્વર્ગનો આહ્‌લાદ આપી શકાય

## આપણે છીએ તો પરીક્ષા છે યૌવન એક મહામૂલી તક

- નટવર આહલપરા

'મારા બહાદુર બાળકો, મહાન કાર્ય કરવાને તમે સરજાયા એવી શ્રદ્ધા રાખો. કૂતરા ભસભસ કરે તેથી બીતાં નહીં, અરે! તૂટી પડે તો, તોપણ શું ટટ્ટાર ખડાં રહો અને કામ કરો.'

- સ્વામી વિવેકાનંદ

ગુલાબી સ્વપ્નોનો સંચાર થયો છે. સ્ફૂર્તિનું વાતાવરણ સર્જાયું છે. શરીરમાં ઉત્સાહ, થનગનાટ, શરીરસંપત્તિ અને ચૈતસિક સંપત્તિ પરાકાષ્ઠાએ હોય છે. અશક્ય શબ્દ યુવાનોનો ડિક્ષનેરીમાં હોતો જ નથી. જોકે અવિચારપણું, ઉન્મતત્તા અને ઉતાવળ જો ભળી જાય તો યૌવન એળે જાય છે. યુવાની ધૈર્યના અભાવને કારણે મુરઝાઇ જાય છે.

પરિણામની ચિંતા કર્યા વગર સત્યનું અનુકરણ કરો. આદર્શના અંતિમ ધ્યેય સુધી પહોંચો. બીકણ અને દંભી બનો નહીં.

ઉપવનમાં ખીલેલું પુષ્પ સુંદર ભલે લાગે પણ પવનની ભારેખમ લહેરખી આવતા પુષ્પ ખરી જાય છે. જિંદગીમાં પહેલું જ પદાર્પણ હોવાથી જીવન શું છે? ક્યાં વિઘ્નો આવે છે? યૌવનને તેની સમજ ન હોય, તે સ્વાભાવિક છે. પરિણામે યુવાની સ્વયંસંચાલિત મિસાઇલ જેવું ધારેલું લક્ષ્ય સિદ્ધ કરે પણ અનિયંત્રિત ચોક્કસ હોય છે.

આ બધું કરવા વૃદ્ધાવસ્થા પાંગળી પડે, શૈશવ તેને આંબી શકે તેવું ન હોય, પોતાનો, કુટુંબનો, સમાજનો, દેશનો વિકાસ એ વિવેકયુક્ત યુવાની દ્વારા જ થયો હોય છે અને યુવાન જ કરી શકે છે. આથી ઉપનિષદે કહ્યું છે :

'યુવાની ચરિત્રશીલ, આશાવંત અને દૃઢ મનોબળવાળી હોય છે.'

બસીત્ર વર્ષનાં શંકરાચાર્ય જો દિગ્વિજય કરી શકતા હોય, વિવેકાનંદ જ્ઞાનયોગ, કર્મયોગ અને ધર્મયોગનો સમન્વય કરી શકતા હોય, રામકૃષ્ણ મિશન સ્થાપી શકતા હોય. યુવાન ગાંધીએ પહેલાં સત્યાગ્રહના પરગણ દક્ષિણ આફ્રિકામાં માંડ્યા. સુભાષ, જવાહર યુવાન જ હતા ને! જ્ઞાનેશ્વર મહારાજે ભગવદ્‌ગીતા પર 'જ્ઞાનેશ્વરી' નામક ટીકાટીપ્પણ માત્ર સોળ વર્ષની વયે જ લખેલી.

સંસ્કૃતના મહાન લેખક ભવભૂતિ એક પ્રસંગ નોંધે છે : અરુંધતિ સીતાને કહે છે :'તું મારી પુત્રી હો કે શિષ્યા હો, ભલે ગમે તે હો પણ તારી વિશુદ્ધિ મને ભક્ત બનાવે છે.' કારણ કે, ગુણો પૂજવા યોગ્ય છે, જાતિ કે ઉંમર નહિં.

ઋગ્વેદનો એક પ્રસંગ આજની એકવીસમી સદીમાં પણ માનવો પડે તે યાદ આવે છે. આંગિરસ નામનો યુવાન ઘરડા દાદા-દાદીને પુત્ર-પુત્રી તરીકે બોલાવે છે. ત્યારે વડીલોને ખોટું લાગે છે અને કહે છે કે તું અમને શું જોઇને તું પુત્ર-પુત્રી કહે છે? ત્યારે આંગિરસ દેવોને પૂછવાનું કહે છે કે મેં બરાબર સંબોધન કર્યું છે ને? દેવોએ આંગિરસની તરફેણમાં નિર્ણય આપ્યો.

જે યુવાનો તેજસ્વી, ઉત્સાહથી પરિપૂર્ણ ધ્યેયલક્ષી હોય એ જ મહાન છે. ભલે તેમાં આવેગથી કામ લેવાનું હોય આ બધું હોવા છતાં કોઇ પણ લક્ષ્યની સિદ્ધિ માટે યુવાની જ પહેલો અને છેલ્લો અવસર છે. અને એટલે જે મહામૂલી તક છે.

આતંકવાદનો સામનો કરવાનું કામ યુવાનો જ કરી શકે. નર્મદા યોજના, ગંગા જેવા નદીને દક્ષિણમાં કૃષ્ણા નદી સાથે જોડવાની જબરદસ્ત યોજના યુવાન ટેકનિશિયનો, વૈજ્ઞાનિકો જ કરી શકે.

વનીકરણનું કામ, દુષ્કાળગ્રસ્ત વિસ્તારમાં રાહત પહોંચાડવાનું કામ દેશની અખંડિતતા, એકતાને કાશ્મીરથી કન્યાકુમારી સુધી ને દ્વારકાથી કલકત્તા સુધી પહોંચાડવાનું કામ યુવાનોનું છે. આ તમામ તક યૌવનધન સામે જ પડી છે. હવે, તેને માત્ર કમર કસવાની જ જરૂર છે. પછી તો... 'યા હોમ કરીને પડો ફતેહ છે આગે.'

સાઇકલ યાત્રા, પદયાત્રા દ્વારા કૌટિલ્ય નંદવંશના દુષ્ટ રાજાઓનો વિનાશ કરીને દેશમાં નવું પરિવર્તન આપણે લાવવાનું છે. આજના યુવાનો આતંકવાદી રાક્ષસ સામે લડીને તેને પરાસ્ત કેમ કરી ન શકે?

જ્ઞાનેશ્વર ભગવદ્ ગીતાના જ્ઞાન પર પંડિતોને પણ માથું નમાવવું પડે તેવી ટીકા લખી શકે તો આજના યુવાનો એકતા અને અખંડિતતાનો સંદેશ લઇને નવી રાષ્ટ્રગીતા શા માટે ન રચી શકે?

એક યુવાન દયાનંદ સરસ્વતી કાવતરાઓની પરવા કર્યા વિના ધતિંગ અને પાખંડો સામે લડી શકે તો પછી યુવાનોને એવો જ મહામૂલો અવસર સાંપડ્યો છે. યુવાન ગાંધી દક્ષિણ આફ્રિકામાં કાળાઓ સામે સત્યાગ્રહ કરી શકે તો આજના યુવાનો આદિવાસીઓ અને દલિતો પર થતાં આક્રમણોની સામે જેહાદ શા માટે જગાવી શકે?

શિયાળ, કૂતરાઓ, સિંહ સૂતો હોય ત્યાં સુધી જ ભસતા હોય છે. અવાજ કરતાં હોય છે. પણ એક વાર સિંહ જાગૃત થયો અને પોતાની કેશવાળી ઊંચી કરીને છલાંગ મારે તો આ બધાંને ભાગવું જ પડે. જો છિન્નભિન્ન કરી નાખતા શિયાળવાઓ કે માંસભોગી ગીધડાઓ કે દેશની તાકાત હરી લેતા પાશવી બળો સામે યુવાનો એક ડણક દઇને ઊભા થાય તો દેશની સમસ્યા માત્ર પાંચ જ વર્ષમાં હલ થઇ જાય અને હિન્દુસ્તાનને ફરી પાછો સ્વર્ગનો આહ્‌લાદ આપી શકાય.

વિકાર, વિકૃતિ, આળસ, ઉદ્ધતાઇ, પરદેશનું ખોટું અનુકરણ, ફેશન-પરેડ છોડો અને તમારી તાકાતને જોડો. મહામૂલી તકને પકડો.

# આ શત્રુઓથી સાવધાન!

જીવનમાં સુખ, શાંતિ અને સમાધાન જોઇતાં હોય, જીવનના પરમ લક્ષ્યને પામવું હોય તો ત્રણ શત્રુઓની સાવધ રહેવાની આવશ્યકતા છે.

તેમાંથી મોટો શત્રુ છે મોહ. જન્માંતરની વાસનાઓના કારણે માણસને વસ્તુ, પદાર્થ અથવા વ્યક્તિનું આકર્ષણ થાય તે મોહ. મોહના જુદા જુદા પ્રકાર છે અને મોહ માણસ પાસે જે કરવું ન જોઇએ કરાવે છે.

વસ્તુના મોહનું એક ઉદાહરણ લઇએ. દા.ત. માણસ ખરીદી કરવા જાય છે ત્યારે અમુક અમુક વસ્તુની ખરીદી કરવાની યાદી બનાવી હોય છે. ખરીદી કરવા ગયા પછી એકાદ વસ્તુનું આકર્ષણ થાય છે. અને તે લેવાનું મન થાય છે. પરંતુ લેવાથી આર્થિક જોગવાઇ ન હોવા છતાં મન થયું છે તેથી તે ખરીદી લે છે અને 'એ તો પછી જોયું જશે. પડશે એવી દેવાશે' કહી સમાધાન લે છે અને આખરે માણસ દેવું કરે છે. આજની પ્રચલિત ભાષામાં લોન લેવાનો વારો આવે છે. આ દેવું જ છે! પણ તે હપ્તામાં આપવાનું થાય છે. હકીકતમાં તે વસ્તુ ખરીદવાની કોઇ જ આવશ્યકતા ન હતી કારણ કે આટલો વખત તેના વગર ચાલતું જ હતું ને?

એ જ રીતે માણસને વિત્તનો મોહ હોય છે. હજુ વધુનો મોહ માણસ પાસે ભ્રષ્ટાચાર કરાવે છે. આજના વ્યાપક ભ્રષ્ટાચારનું કારણ વિત્તનો મોહ જ છે. 'બધા કરે જ છે ને?' માટે તે કરવાનું માણસ સમાધાન લે છે. આ જ રીતે સત્તાના મોહમાં આજના નેતાઓ નીતિનિયમો બાજુ પર મૂકી શરમજનક રીતે ઝઘડતા હોય છે?

વ્યક્તિના મોહમાં અર્જુન જેવો મહારથી ખેંચાઇ ગયો. બધા જ પ્રકારની પૂર્વતૈયારી સાથે યુદ્ધ કરવા આવેલો અર્જુન પિતામહ ભીષ્મ, દ્રૌણાચાર્ય, વગેરે શત્રુ હોવા છતાં તેમના મોહમાં આવી યુદ્ધમાંથી પરાવૃત્ત થયો. તેનો સ્વધર્મ ચૂકી ગયો. મોહ માણસને કર્તવ્યચ્યુત કહે છે અને પછી મોટા ભાગે મોહમાં આવેલો માણસ તેનું બૌદ્ધિક સમર્થન કરે છે - અને આવું સમર્થન તેને મોહના ઊંડા ગર્તમાં ધકેલી દે છે. લેખની મર્યાદાના કારણે આની વિસ્તૃત વિચારણા અસ્થાને છે.

માણસનો આવો જ બીજો શત્રુ છે મમતા - તે મોહનો જ પરિપાક છે. આ મારું છે તેથી મને પ્રિય છે એવું મનનું વલણ એટલે મમતા. પછી તે વસ્તુ હોય કે વ્યક્તિ હોય. એને પરિણામે તેના માટે આસક્તિ નિર્માણ થાય છે. આ દેહ મારો માન્યો તેથી તેમાંથી દેહાસક્તિ નિર્માણ થઇ. અને દેહસુખ, એ જ માણસનું સર્વસ્વ થઇ જાય છે. તે માટે તે ગમે તે કરવા તૈયાર થઇ જાય છે. આ આસક્તિના પરિણામે માણસ આત્મકેન્દ્રિત અને સ્વાર્થી બને છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# સીડી, પેન ડ્રાઈવ તેમજ પ્રીન્ટઆઉટ કોર્ટમાં પુરાવા તરીકે ગ્રાહ્ય રાખવા માટેની ગાઈડ લાઈન

## એવીડન્સ એકટની કલમ ૬૫(એ) ૬૬(બી)ની જોગવાઈ

### વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com



તાજેતરમાં સુપ્રિમ કોર્ટે પેન ડ્રાઈવ, સીડી તથા પ્રીન્ટ આઉટ સેકન્ડરી એવીડન્સ તરીકે સ્વીકાર કરવા માટે ૯ શરતો મુકી છે અને આવા સેકન્ડરી એવીડન્સને ચાલતા કેસમાં પુરાવા તરીકે સ્વીકારવા નીચલી કોર્ટ માટે ગાઈડ લાઈન પણ બહાર પાડેલ છે.

પૂર્વ ચીફ જસ્ટીસ શ્રી આર. એમ.લોઢાના નેતૃત્વવાળી ત્રણ જજના સભ્યની કમીટી દ્વારા નક્કી કરવામાં આવ્યું છે કે સુપ્રીમ કોર્ટે સંસદમાં હુમલામાં પકડાયેલ અફઝલ ગુરૂના વિરૂધ્ધમાં કોમ્પ્યુટર પ્રીન્ટને પુરાવા માટે નકારવાના નીચલી કોર્ટના નિર્ણયને ખોટો ઠરાવેલ છે. ૨૦૦૫માં જજની ખંડપીઠ દ્વારા મોબાઈલ કોલ્સ પ્રીન્ટ તથા કોમ્પ્યુટર રેકોર્ડની પ્રીન્ટનો અસ્વીકાર કરવાના ફેસલાને રદ કરતા જણાવ્યું છે કે ઈલેકટ્રોનિકસ રેકોર્ડ સંબંધીત સેકન્ડરી એવીડન્સ તરીકે સ્વીકારવા એવીડન્સ એકટની પાંચ શરતોનું પાલન કરવા માટે જણાવેલ છે આવા રેકોર્ડ જયાંથી મેળવ્યા હોય તેના પ્રિન્ટ આઉટ સાચા છે તે તથા તેના અનુસંધાનમાં કોમ્પ્યુટર કે મોબાઈલ ફોનની વિગતો વાળુ પ્રમાણપત્ર રજુ કરવાથી આવા પુરાવા એવીડન્સ એકટ મુજબ કેસમાં પુરાવા તરીકે રજુ કરી શકાય અને તેને ગ્રાહ્ય રાખી શકાય છે જેને સેકન્ડરી એવીડન્સ તરીકે ગણવા જોઈએ તેમ ચુકાદામાં જણાવેલ છે.

બીં પ્રમાણપત્રમાં એમ પણ જણાવેલ હોવું જોઈએ કે ઈલેકટ્રોનિકસ રેકોર્ડ કેવી રીતે કાઢવામાં આવ્યા છે અને તૈયાર કરવામાં આવેલ છે.

સી પ્રમાણપત્રમાં આવી પ્રિન્ટ કાઢવામાં આવી હોય તે ઉપકરણોની વિગતો જણાવેલ હોવી જોઈએ તેમજ કયારે રેકોર્ડ તૈયાર કરવામાં આવેલ કયારે સ્ટોર કરવામાં આવેલ છે અને કયારે આવા રેકોર્ડની પ્રિન્ટ આઉટ કરવામાં આવી છે અને કયા કામ માટે કરવામાં આવી છે તેની અધિકારી દ્વારા ચકાસણી કરી સી સર્ટીફિકેટની સાથે આવો વિગતવાર વર્ણન સાથે પ્રિન્ટ આઉટ ચાલતા કેસમાં પુરાવા તરીકે રજુ કરવામાં આવે તો આવા પુરાવાને સેકન્ડરી એવીડન્સ તરીકે પુરાવામાં માન્ય રાખી આંકે પાડવામાં જોઈએ, વંચાણમાં લેવા જોઈએ અને નિર્ણય કે ચુકાદો લેતા પહેલા તેનું વર્ણન ચુકાદામાં કરવું જોઈએ તેમ ઠરાવેલ છે.

ડી સર્ટીફિકેટ મુજબ એવીડન્સ એકટની કલમ ૬૬(બી) માં દર્શાવેલ શરતોનું પાલન કરેથી આવા સેકન્ડરી એવીડન્સ માન્ય ગણવા માટે નામદાર સુપ્રિમ કોર્ટે જણાવેલ છે.

ઈ પ્રમાણપત્ર પર આવી પ્રિન્ટ આઉટ કે રેકોર્ડ ઉપર જવાબદાર અધિકારીની સહિ સીક્કા હોવા જોઈએ જે આવા ઈલેકટ્રોનિકસ રેકોર્ડ સાચવાતા અધિકારી પદ ઉપર હોવા જોઈએ એવીડન્સ એકટની કલમ ૬૬(બી) મુજબ કાગળ ઉપર છપાયેલ ઈલેકટ્રોનિકસ રેકોર્ડ કોમ્પ્યુટર ઉપર ઓપ્ટીકલ તેમજ મેગનેટીક રીતે રેકોર્ડની સાચવણી તેમજ નકલ કરેલ હોય તો અસલ નકલની જરૂર રહેતી નથી આવો રેકોર્ડ કોમ્પ્યુટર માલીક પાસેથી કાયદેસર રીતે મેળવેલ હોવો જોઈએ અથવા તો આવી કોમ્પ્યુટર નકલો ઉપર જવાબદાર અધિકારીની સહિ, સીક્કા હોવા જોઈએ તેમજ માન્ય સંસ્થા દ્વારા પ્રમાણિત કરેલ હોવી જોઈએ આવો રેકોર્ડ મેળવેલ હોય તો કોમ્પ્યુટર બરાબર અને નિયમીત ઓપરેટ થતું હોવું જોઈએ તેમજ જો ડેટાબેઝમાંથી સંગ્રહિત પ્રિન્ટ આઉટ કરેલ હોય તો કયારે રેકોર્ડ કરેલ તેની માહિતી પણ આવી નકલો સાથે મુકવી જોઈએ. કોમ્પ્યુટરમાં કોઈ હાથચાલાકી કે પાછળથી આવા પુરાવા સ્ટોરેજ કરેલ નથી કે પુરાવા ઉભા કરેલ નથી તેની સ્પષ્ટ માહિતી જાણકારી મેળવવી જોઈએ દરેક રેકોર્ડ ઈલેકટ્રોનિકસ પ્રક્રિયામાંથી રેકોર્ડ કરેલ હોવી જોઈએ નહિ કે ચાલાકીપૂર્વકની.

ચુકાદામાં જણાવ્યું છે કે આ શરતો એટલા માટે છે કે દેશમાં ઈલેકટ્રોનિકસ ઉપકરણોનો વપરાશ વધારે છે જે સ્ત્રોતથી નકલો મેળવી હોય તે આધારભૂત હોવી જોઈએ ઈલેકટ્રોનિકસ રેકોર્ડ ચાલતા કેસમાં રજુ કરવામાં આવવાથી કેસના ચુકાદા ઉપર અસર ઉપજાવી શકે છે તેથી રોકોર્ડ અસલ તથા નિયમબધ્ધ રીતે મેળવેલ હોવો જોઈએ ઈલેકટ્રોનિકસ ઉપકરણોમાં પુરાવામાં છેડછાડ કરે તો કેસના ગુણદોષ ઉપર અસર પડે તેથી એવીડન્સ એકટની કલમ ૬૬(બી) મુજબ સેકન્ડરી એવીડન્સ ગ્રાહ્ય રાખતા પહેલા નીચલી કોર્ટે સુપ્રિમ કોર્ટે દર્શાવેલ ગાઈડ લાઈનને અનુસરી ઈલેકટ્રોનિકસ રેકોર્ડને આંકે પાડવા જોઈએ ત્યારબાદ ગુણદોષ ઉપર કેસનો ચુકાદો આપવો જોઈએ અને એવીડન્સ એકટની કલમ ૬૫(એ) તથા ૬૬(બી) નો આચાર સહિતાનો ભંગ થવો જોઈએ નહિ તેમ જણાવેલ છે.

# ઉંબરા થયા ડુંગરા અને પાદર થયાં પરદેશ

## ઘરમકાંટો

-દિનેશ પાંચાલ

એક ગામ અમે તીર્થસ્થળોની જાત્રાઓ નીકળેલા. માર્ગમાં ગાડી બગડી. એક અજાણ્યા ઘરે પાણી માટે ગયા. કોઇ ઝટ બહાર ન આવ્યું. અમે પાછા વળતા જતાં હતા, ત્યાં એક યુવાન બહાર આવ્યો. 'પાણી જોઇએ છે તમારે? એક મિનિટ થોભો...!' કહી તેણે અમારી વોટરબેગ ભરી આપી. પછી કહ્યું, 'માફ કરજો હું મારા બાપાને કપડાં બદલાવતો હતો. એમને લકવો થઇ ગયો છે.' મેં અંદર ડોકિયું કર્યું. એક સ્વચ્છ પથારીમાં ડોસા સૂતા હતા. એમના ક્લીનશેવડ્ ચહેરા પર પ્રસન્નતા હતી. બાજુના ટેબલ પણ ફીણના ગોટાવાળું દાઢીનું બ્રશ, પાણીની વાડકી વગેરે પડ્યા હતા. મેં પુછ્યું, 'એમની દાઢી પણ તમે જ કરો છો?' એણે કહ્યું, 'બીજું કોણ છે ઘરમાં? એમનો ઝાડો-પેશાબ પણ હું સાફ કરું છું.' હું એ યુવાનને આદરભાવે જોઇ રહ્યો. પછી અમે વિદાય લીધી. મનમાં વિચાર આવ્યો, હવે ભગવાનના મંદિરે ન જઇએ તો ચાલે. આવો શ્રવણ જેના પેટે પાક્યો હોય તેના ઘડપણનો બેડો પાર થઇ જાય! નહીંતર એવાય દીકરા હોય છે, જે રોજ સાંજે પાનના ગલ્લે પંદરવીસ રૂપિયા રમતાં-રમતાં ખર્ચી નાખે છે. પોતે મસાલાદાર પાન ખાય, આંગળીએ તેડેલા નાનકાને માવાની પડીકી અપાવે, પત્ની માટે પણ સ્પેશિયલ મીઠામસાલા પાન બંધાવીને લઇ જાય, પણ પથરીની બીમારીથી પીડાતો બાપ દવા માટે કરગરે ત્યારે કાળઝાળ થઇ ઊઠતા કહે છે : 'આખા ઘરનો ખર્ચ હું કેમ કાઢું છું તે મારું મન જાણે છે અને તમે દવાની બુમરાણ મચાવો છો? તમે પેશાબ પીશો તો પથરી એની મેળે પડી જશે પણ તમે સમજતા નથી!' (ભગવાન આવા દીકરા મોરારજી દેસાઇને પણ ન આપે!) આવું નજરે જોઇએ ત્યારે ચંદ્રકાન્ત બક્ષીની વાત બહુ સાચી લાગે. 'સંતાનો ન હોવાનું દુઃખ કાલ્પનિક છે, પણ સંતાનો થયા પછીનાં દુઃખો વાસ્તવિક હોય છે.'

ઘડપણ દુઃખપ્રધાન અવસ્થા છે. ઘડપણ એટલે જિંદગીનો ડેન્જર ઝોન. (પાઘડીનો વળ છેડે) જીવનભરની ભૂલોનાં માઠાં ફળનો ટોપલો માથે ઊંચકીને ચલાવાનું સહેલું નથી હોતું. દિલીપકુમાર હોય કે દિલીપ રાણપુરા... ઘડપણ સૌને એક લાકડીએ હાંકે છે. મિશેલ દ મોન્તેઇન કહે છે. 'વૃદ્ધાવસ્થા માણસના ચહેરા પર પાડે છે તેનાથી અનેકગણી કચરલીઓ તેના ચિત્ત પર પાડી દે છે.' મોતિયાવાળી આંખે વીમાની પોલિસી ગર્લફ્રેન્ડ જેટલી વહાલી લાગવા માંડે છે. કાને બહેરાશ આવી ગઇ હોય છે. જેણે શરીર ન સાચવ્યું હોય એવા ખખડધજ વૃદ્ધો ૯૫ નો માઇલસ્ટોન વટાવ્યા પછી, ઘવાયેલો સૈનિક રણભૂમિ પર દેહ ઘસડે તેમ જીવન ખેંચતા હોય છે! તેમની આંખોમાં વેદના તગતગતી હોય છે. એ વેદનાનો અનુવાદ આવો થઇ શકે - 'ઉંબરા થયા ડુંગરા અને પાદર થયાં પરદેશ... આ ઘડપણ કોણે મોકલ્યાં...?' સારા દીકરાઓની ઘડપણમાં જેટલી જરૂર પડે છે. એટલી જરૂર જીવનમાં ક્યારેક પડતી નથી. બહુધા વૃદ્ધો એ બાબતમાં કમનસીબ હોય છે. કળિયુગના દીકરાઓ વૃદ્ધોના ખૂટતા શ્વાસોને બદલે મેડિકલ બિલોની વ્યથા વધુ અનભવતા હોય છે.

એક મિત્રે કહેલું :'બાળપણમાં પ્રેમ સામેથી મળે... જુવાનીમાં પ્રેમ કરવો પડે... અને ઘડપણમાં પ્રેમની ભીખ માંગવી પડે છે.' હું એક એવા વૃદ્ધને જાણું છું જે ભીખ માંગવાને બદલે ભૂખે મરવાનું પસંદ કરે છે. તે કહે છે, 'આજે મારા બંને દીકરા મારી દેખભાળ નથી કરતા. મારું ઘડપણ બિનવારસી લાશ જેવું છે. દુઃખ થાય છે પણ ભૂતકાળ યાદ કરું છું ત્યારે આત્મા ઠપકો આપે છે. ભાઇ, તેંય તારા માબાપની ક્યાં સેવા કરી હતી? સેવા દૂર રહી, લગ્ન પછી તું પત્નીને લઇ અલગ થઇ ગયો હતો. વડીલની એ વીતક આજના યુવાનો માટે બોધપાઠ ગણાય. એક વાત નક્કી છે. માબાપનો ઝાડો-પેશાબ સાફ કરે એવા દીકરા શોપિંગ સેન્ટરમાં મળતા નથી. દરેકને ત્યાં બાળકો જન્મતા હોય છે. તેને યોગ્ય સંસ્કાર અને શિક્ષણ વડે સુપુત્રો બનાવવાનું કામ માબાપનું હોય છે. બે માણસો વચ્ચે બાપ-દીકરાનો સંબંધ હોય તેટલા માત્રથી આપોઆપ પ્રેમનાં ઊભરા વછૂટતા નથી. (દિલ એ કાંઇ પ્રેમનું ઓટોસ્ટાર્ટ એન્જિન નથી) સંબંધોના છોડવાનું પ્રેમનું ખાતર નાખીને ઉછેરવો પડે છે. શરૂમાં સંતાનોમાં પરિપક્વતા ઓછી હોય એટલે સ્વાભાવિક જ પ્રેમનો પ્રેમ થોડો ઓછો રહેવાનો. પણ એ વાતને વચ્ચે લાવ્યા વિના માબાપોએ દીકરાઓ કાયરેક મોટી ઉંમરે મીઠી કેરી આપતા આંબા જેવા નીકળે! જુવાનીમાં સંતાનોને આપેલા પ્રેમની પહોંચ ઘડપણમાં મળે એવું બને છે. પોતાના સંતાનો માટે પ્રેમની કંજૂસાઇ કરતાં માબાપે તેમનું ઘડપણ પ્રેમની અછત નીચે વેંઢારવાની તૈયારી રાખી પડે છે.'

કરૂણતા એ છે કે સંતાનો તરફથી તરછોડાયેલાં વૃદ્ધો માટે સરકારે કાંઇ વિચાર્યું નથી. જો કે હવે વૃદ્ધોની કાળજી ન લેતાં સંતાનોને સજા થઇ શકે એવું કાયદાકીય પ્રવિધાન થયું છે. ફ્રાંસ વૃદ્ધોનું સ્વર્ગ કહેવાય છે. ત્યાં વૃદ્ધોને ભરપૂર સુવિધાઓ મળે છે. ફ્રેંચ એચલી કચેરીનો એક રિપોર્ટ આપણને ફ્રાંસના વૃદ્ધોની ઇર્ષા કરો છે ત્યાં કોઇ પણ વૃદ્ધને, તે કઇ નોકરી કરતો હતો અથવા નિવૃત્તિના લાભો લે છે કે કેમ તે લક્ષમાં લીધા વિના માસિક જીવાઇ ચૂકવાય છે. ૬૫ની ઉંમરના વૃદ્ધોને સિનેમા હોલમાં અડધા દરે પ્રવેશ મળે છે. આ સિવાય પાકું મકાન, ફ્રીજ, હોસ્પિટલાઇઝેશન, ટેક્સમાંથી મુક્તિ, જીવનવીમો, મફત મનોરંજન, ઘરભાડું અને એ સિવાય અન્ય આર્થિક સહાય, ત્યાં સુધી કે કામ ન કરી શકતા વૃદ્ધોને તાલીમબદ્ધ સામાજિક કાર્યકરોની સેવા પણ અપાય છે. મતલબ, અશક્ત વૃદ્ધોને નોકરચાકરની સુવિધા સરકાર પૂરી પાડે છે. અહીં સ્થિતિ એવી છે, દીકરા વહુને પનારે પડેલા વૃદ્ધોની હાલત ઘરમાં નોકરથી પણ બદ્‌તર બની રહે છે. તેમને શાક-કરિયાણું ખરીદવું અથવા નાનાં છોકરાંને સંભાળવા જેવા પરચૂરણ કામો કરીને જીવન વ્યતીત કરવું પડે છે. કામનું તો ઠીક, પણ આવક ગુમાવી ચૂકેલા વૃદ્ધોને ઘરમાં આદર નહીં મળતો એ મોટા દુઃખની વાત છે.

મૂળ વાત એટલી જ, આથમતી અવસ્થામાં વૃદ્ધોને સંતાનોના પૈસા કરતાંય પ્રેમ, હૂંફ અને શુશ્રૂષાની વિશેષ જરૂર રહેતી હોય છે. એ વાત એંશીની ઉંમરે પહોંચ્યા બાદ (જાત અનુભવ પછી જ) સાચી માનીશું એવી જીદ ન પકડીએ. શુભસ્ય શીઘ્રમ્. જિંદગીના કારમા રઝળપાટથી થાકેલા વૃદ્ધોની મનોસ્થિતિને સમજીને તેમની જોડે સૌજન્યપૂર્ણ વ્યવહાર કરવો - એ ખુદના ઘડપણનો એલ.આઇ.સી. ઉતારવા બરાબર ગણાય. દરેક યુવાને યુવાનીમાં જ પોતાના ઘડપણનો એવો વીમો ઊતરાવી લેવો જોઇએ.